પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૯૭ | ૧૬ જુન, ૨૦૧૮, શનિવાર; નિજ. જેઠ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## અમરનાથ યાત્રા પર હુમલાનો ખતરો

### ૨૮મી જૂનથી અમરનાથ યાત્રાની પરંપરાગત શરૂઆત થશે : અમરનાથ યાત્રાને સફળરીતે પાર પાડવા કેન્દ્ર પાસેથી ૨૨૦૦૦ વધારાના જવાનોની માંગ



નવીદિલ્હી, તા. ૧૫

૨૮મી જૂનથી શરૂ થઇ રહેલી અમરનાથ યાત્રા પર મોટા આતંકવાદી હુમલાનો ખતરો તોળાઈ રહ્યો છે. પાકિસ્તાન સ્થિત ત્રાસવાદી સંગઠનો અમરનાથ યાત્રા દરમિયાન ખલેલ પહોંચાડવાના પ્રયાસ કરી શકે છે. અમરનાથા યાત્રા ૨૮મી જૂનથી શરૂ થયા બાદ ૨૧ દિવસ સુધી ચાલશે. આને લઈને તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. કેન્દ્ર સરકાર રમઝાન બાદ જમ્મુ કાશ્મીરમાં આતંકવાદીઓની સામે ઓપરેશનને સ્થગિત કરવાને લઈને યોગ્ય રણનીતિ ઉપર કામ કરી રહી છે. બીજી બાજુ અપહરણ કરવામાં આવેલા જવાન અને પત્રકારની હત્યા બાદ ત્રાસવાદીઓ વધુ આક્રમક બન્યા છે અને નવા હુમલા કરવાની તૈયારીમાં છે. સુરક્ષા સંસ્થાઓને એવા અહેવાલ મળ્યા છે કે, રમઝાન દરમિયાન હુમલા બાદ નવા હુમલાની પણ તૈયારી થઈ રહી છે. ત્રાસવાદીઓની સામે ઓપરેશનને સ્થગિત રાખવાને લઈને સમીક્ષા બેઠક ગુરુવારના દિવસે કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહના નેતૃત્વમાં મળી હતી જેમાં અમરનાથ યાત્રા દરમિયાન સુરક્ષા પાસાને મજબૂત કરવાનો મુદ્દો છવાયો હતો. અમરનાથ યાત્રા ઉપર હુમલાનો ખતરો તોળાઈ રહ્યો છે. આવી સ્થિતિમાં મહેબુબા મુફતી સરકાર

● અનુસંધાન પાન-૭ પર

## કાશ્મીરમાં પત્રકાર શુજાત બુખારીના જનાજામાં હજારો કાશ્મીરીઓ ઉમટ્યાં

શ્રીનગર,તા.૧૫

જમ્મુ-કાશ્મીરના બારામુલામાં પત્રકાર શુજાત બુખારીના જનાજામાં મોટી સંખ્યામાં લોકો ઉમટ્યાં હતી. તેમની અંતિમયાત્રામાં હજારોની સંખ્યામાં લોકો સામેલ થઈ આતંકીઓને જડબાતોડ જવાબ આપ્યો. તેમની અંતિમ વિધી તેમના પૈતૃક ગામમાં કરવામાં આવી. બારામુલામાં ભારે વરસાદ છતાં લોકો તેમના જનાજા સાથે ચાલી રહ્યાં હતાં. તેમના અંતિમયાત્રામાં ઘાટીની જનતાએ મોટી સંખ્યામાં હાજરી આપી આતંકીઓને દર્શાવી દીધું કે, લોકો હંમેશા તેમના બદઈરાદાની વિરુદ્ધમાં છે. તેમના જનાજામાં વિપક્ષના નેતા ઉમર અબ્દુલ્લા અર્નેં ટ્ટ ત્થા ભાજપના મંત્રીઓ પણ સામેલ હતાં. જનાજામાં જોડાયેલા લોકોએ જણાવ્યું હતું કે, આ પહેલાં ગામમાં આવો જનાજો ક્યારેય નથી જોયો, જેમાં આટલી સંખ્યામાં લોકો સામેલ થયાં હોય.

## દેશમાં નિકાસમાં ૨૮ ટકા વધારો

નવીદિલ્હી,તા. ૧૫

આંતરરાષ્ટ્રીય ક્રૂડ ઓઈલની કિંમતમાં વધારાના અનુસંધાનમાં તેલ આયાતનું બિલ ૪૯.૪૬ ટકા સુધી વધીને ૧૧.૫ અબજ ડોલર સુધી પહોંચી ગયું છે. બીજી બાજુ ટ્રેડ ડેફિસિટ અથવા તો વેપાર ખાધનો આંકડો ૪ મહિનાની ઉંચી સપાટીએ પહોંચીને ૧૪.૬૨ અબજ ડોલર મે મહિનામાં પહોંચ્યો છે. આયાતમાં ૧૫ ટકાનો વધારો થઈ ગયો છે. મે મહિનામાં આયાતમાં આશરે ૧૫ ટકાનો વધારો રહેતા તેની ચર્ચા પણ જોવા મળી રહી છે. સરકાર દ્વારા આજે આ મુજબની વાત કરવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

Leading Shares and Stock Market Company
Staff Required at Gandhinagar
• TERMINAL OPERATOR, CASH / F&O - 2 (M)
• BACK & FRONT OFFICER ASSISTANT - 3 (M)
NISM/12th Pass & Two Wheeler prefer.
Salary no bar for night candidate @ 15,000 + Incentive
Call for Interview Timing : 8511568737

ગાંધીનગરમાં સૌ પ્રથમ વખત
(રાત્રી ખાણી પીણી) બજાર
એકજ સ્થળ પર માણો ૫૦૦થી વધુ અવનવી વાનગીઓનો સ્વાદ.
આ કુપન સાથે લાવનારને ૧૦% ડિસ્કાઉન્ટ
શરતોને આધીન
સમય : સાંજે ૬.૦૦ થી શરૂ (પરમેનન્ટ ફ્રી એન્ટ્રી)
ગાંધીનગર હાર્ટ ધ હન્ગર પાર્ક
ઈન્ફોસીટી ક્લબ એન્ડ રીસોર્ટ, ઘ-૦, ગાંધીનગર.

## પ્રાર્થના સભા



ગાંધીનગર જિલ્લા સમસ્ત પાટીદાર સમાજના અધ્યક્ષશ્રી અને અગ્રણી પાટીદાર આગેવાન સ્વર્ગીય પૂજ્ય કુંવરજીબાપાને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું છે.

તારીખ : ૧૭/૬/૨૦૧૮, રવિવાર
સમય : સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ કલાક
-:● સ્થળ ●:-
શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ
સેક્ટર-૭/સી, ગાંધીનગર

**આયોજક**

ગાંધીનગર જિલ્લા સમસ્ત પાટીદાર સમાજ
શ્રી અન્નપૂર્ણાધામ-અડાલજ
શ્રી ઉમિયા માતાજી સંસ્થા
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
કલા ગુર્જરી સંસ્થા-ગાંધીનગર
તેમજ ગાંધીનગરની સર્વે સામાજીક
તથા સ્વૈચ્છિક સેવાકીય સંસ્થાઓ

SIDDHRAJ
INFRA PVT. LTD

FIND CONCURRENCE, TRANQUILLITY AND YOURSELF...




SAMPLE APARTMENT READY
visit by appointment only...

SIDDHRAJ Z+
A TROPICAL EXPERIENCE

6 Rooms Premium Living | Nr. Sargasan Cross Roads, Gandhinagar | Call: +91 97251 07999

RERA Registration No.: PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/Others/RAA00869/301117